# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેકટર-૧૦ / એ, “છ-૩” સર્કલ પાસે, “છ” રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**


# અગત્યની જાહેરાત

**મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨, જાહેરાત ક્રમાંક : ૭૯/૨૦૧૮-૧૯ કુલ-૨૮૫ જગ્યા** પર ભરતી કરવા માટે આયોગ દ્વારા **તારીખ-૧૫/૧૦/૨૦૧૮** ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

આ અન્વયે જેઓએ ઓનલાઇન અરજી કરેલ છે પરંતુ તેઓ એક કે બીજા કારણસર તેઓની અરજી કન્ફર્મ કરવાનું ચૂકી ગયેલ છે, તેવા ઉમેદવારો પોતાની અરજી કન્ફર્મ કરી શકે તે માટે **આયોગ ભવનમાં કામકાજના દિવસોએ તારીખ-૧૨/૧૧/૨૦૧૮ થી તારીખ-૨૦/૧૧/૨૦૧૮ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં** ઓનલાઇન અરજી કર્યાની પ્રિન્ટ સાથે રૂ. ૧૦૦૦/- રોકડેથી ચૂકવીને પોતાની અરજી કન્ફર્મ કરાવી શકશે.

ઉપરોક્ત જાહેરાત અન્વયે, જે ઉમેદવારોએ આ જાહેરાત સંબંધમાં ઓનલાઇન અરજી કરેલ નથી કે ફક્ત ONE TIME REGISTRATION (OTR) કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી.

જે ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકમાં ફોટો અને સહી અપલોડ કરેલ નથી તેવા ઉમેદવારોએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ તથા ફોટોવાળું ઓળખપત્ર તથા તેની ઝેરોક્ષ નકલ સાથે લઈને અરજી કન્ફર્મ કરવા આવવાનું રહેશે.

તારીખ-૧૨/૧૧/૨૦૧૮